(૧૫)

**પ્ર.૧ (અ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખી તે કયા પાઠમાં આવે છે તે લખો.** **(૪)**

| | **જવાબ** | **પાઠ** |
|---|---|---|
| ૧. હણવાની બુદ્ધિએ | **હણવા નિમિત્તે** | **પહેલા વ્રતમાં** |
| ૨. બધા જીવોથી | **સવ્વભૂએસુ** | **ક્ષમાપના સૂત્રમાં** |
| ૩. એક સ્થાને બેસીને કરું છું | **ઠાએમિ** | **પ્રતિક્રમણનો પહેલો પાઠ** |
| ૪. વ્યાપાર સંબંધી | **કમ્મઉ ય** | **સાતમા વ્રતમાં** |

**(આ) પાઠપૂર્તિ કરો – સંજય વિરય પડિહય પચ્ચક્ખાય પાવકમ્મો અનિયાણો દિટ્ઠીસંપન્નો** માયામોસો **(૩)**

**(ઇ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૮)**

૧. પાંચમા વ્રતમાં અતિચાર અને અનાચાર કેવી રીતે લાગે છે?

**જ. જે જે બોલની જેટલી મર્યાદા કરી હોય તેનું બેકાળજીથી, અજાણ્યો હિસાબ–કિતાબ નહિ મેળવવાથી ઉલ્લંઘન થયું હોય તો આ બધી મર્યાદાઓ તે અતિચાર છે.**

**લોભ આદિના કારણે જાણીજોઈને ધારેલી મર્યાદાનું પાલન ન કરવું તે અનાચાર છે.**

૨. પ્રતિક્રમણ શેનું કરવામાં આવે છે? તેના બોલ કેટલા? કયા કયા?

**જ. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, અશુભ યોગ. તેના બોલ ૮૨. મિથ્યાત્વના ૨૫, અવ્રતના ૧૨, પ્રમાદના ૫, કષાયના ૨૫, અશુભ યોગના ૧૫.**

૩. ૩૩ બોલમાંથી પાંચમા અને છટ્ઠા બોલમાં આદરવા જેવા અને છોડવા જેટલા કેટલા અને કયા?

**જ. આદરવા જેવા – પાંચમા બોલમાં ૫ મહાવ્રત, ૫ સમિતિ અને છટ્ઠા બોલમાં ૩ શુભ લેશ્યા.**

**છોડવા જેવા – પાંચમા બોલમાં ૫ ક્રિયા, ૫ કામગુણ અને છટ્ઠા બોલમાં ૩ અશુભ લેશ્યા.**

૪. કેવળી ભગવાનને નિદ્રા હોય કે નહિ? પાપ ભોગવે કે નહિ? શા માટે? ચારિત્ર કયું? સમાવેશ કયા પદમાં?

**જ. નિદ્રા ન હોય કારણ કે દર્શનાવરણીય કર્મ નથી.**

**પાપ ભોગવે કારણ કે પૂર્વભવના ભોગવવાના બાકી હોય તો.**

**યથાખ્યાત ચારિત્ર.**

**પાંચમા પદમાં.**

(૫૫)

**પ્ર.૨ (અ) ગુણસ્થાનના આધારે જવાબ લખો.** **(૪૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૩૦)**

૧. આઠમા ગુણસ્થાનના ફળ અને ગતિ લખીને કેટલી શ્રેણી કરે તે વિસ્તારથી લખો. **(૬)**

**જ. ફળ : આ ગુણસ્થાન એક ભવમાં જઘન્ય એકવાર ઉત્કૃષ્ટ ચારવાર આવે. ઘણા ભવમાં જઘન્ય બેવાર ઉત્કૃષ્ટ નવવાર આવે. તે જીવ જઘન્ય તે જ ભવે ઉત્કૃષ્ટ ત્રીજે ભવે મોક્ષે જાય.**

**ગતિ : શ્રેણીમાં કાળ કરે તો પાંચ અનુત્તર વિમાનમાં ઉપજે.**

**બે શ્રેણી કરે – ઉપશમ શ્રીણી અને ક્ષપક શ્રેણી.**

**૧. ઉપશમ શ્રેણી : ઉપશમ શ્રેણીવાળો જીવ મોહનીય કર્મની પ્રકૃતિના દળને ઉપશમ કરતો વર્ધમાન (વધતા) પરિણામે નવમે, દશમે ગુણઠાણે થઈ અગિયારમે ગુણસ્થાન સુધી જાય. ૧૧ મે ગુણસ્થાને અવસ્થિત પરિણામે રહીને ત્યાંની સ્થિતિ પૂર્ણ થતા દશમે આવે. દશમાથી પછી હિયમાન (ઘટતા) પરિણામ થાય. આ શ્રેણીથી ઉતરતા પ્રથમ ગુણસ્થાન સુધી પણ જઈ શકે છે.**

**૨. ક્ષપક શ્રેણી : ક્ષપક શ્રેણીવાળો જીવ મોહનીય કર્મની પ્રકૃતિના દળને ક્ષય કરતો, શુદ્ધ મૂળમાંથી નિર્જરા કરતો નવમે, દશમે ગુણઠાણે થઈ બારમે ગુણસ્થાને જાય. અપડિવાઈ (નીચે નહીં પડનારા) જ હોય. વર્ધમાન પરિણામ જ પરિણમે.**

૨. અકષાયીનો હેતુ દ્વાર લખો. (૪×૬)

**જ. ૧૧/૧૨ મે ગુણસ્થાને ૯ યોગ – ૪ મનના, ૪ વચનના, ૧ ઔદારિકના.**
**૧૩ મે ગુણસ્થાને ૭ યોગ – ૨ મનના, ૨ વચનના, ૨ ઔદારિક, ૧ કાર્મણ કાયયોગ.**
**૧૪ મે ગુણસ્થાને અબંધક.**

૩. ત્રીજા ગુણસ્થાને સમકિત, યોગ, જીવના ભેદ, કારણ અને પાંચમા ગુણસ્થાને ભાવ, બંધ, આત્મા અને માર્ગણા કેટલી? માત્ર સંખ્યા લખો.

**જ. ત્રીજા ગુણસ્થાને સમકિત ન હોય, યોગ ૧૦, જીવના ભેદ ૧, કારણ ૪.**
**પાંચમા ગુણસ્થાને ભાવ ૫, બંધ ૭/૮, આત્મા ૭, માર્ગણા ૫.**

૪. દશમા ગુણસ્થાને ઉદીરણા, છટ્ઠા ગુણસ્થાને ક્રિયા, નવમા ગુણસ્થાને પરિષહ અને ચોથા ગુણસ્થાને ઉપયોગ કેટલા અને કયા કયા?

**જ. દશમા ગુણસ્થાને ઉદીરણા ૬ કે ૫ કર્મ છની હોય તો આયુષ્ય, વેદનીય વર્જીને અને પાંચની આયુષ્ય, વેદનીય, મોહનીય વર્જીને.**
**છટ્ઠા ગુણસ્થાને ક્રિયા ૨૧ ઈરિયાવહિયા, મિચ્છાદંસણવત્તિયા, અપચ્ચક્ખાણવત્તિયા, પરિગ્ગહિયા વર્જીને.**
**નવમા ગુણસ્થાને પરિષહ ૧૮ અચેલ, અરતિ, બેસવાનો, દંસણનો વર્જીને.**
**ચોથા ગુણસ્થાને ઉપયોગ ૬ તે ૩ જ્ઞાન, ૩ દર્શન.**

૫. જીવાયોનિ દ્વાર લખો.

**જ. પહેલા ગુણસ્થાને ૮૪ લાખ જીવાયોનિ, બીજા ગુણસ્થાને ૩૨ લાખ જીવાયોનિ તે એકેન્દ્રિયની ૫૨ લાખ વર્જીને, ત્રીજે–ચોથે ગુણસ્થાને ૨૬ લાખ તે ૩૨ લાખમાંથી વિકલેન્દ્રિયની ૬ લાખ વર્જીને, પાંચમે ગુણસ્થાને ૧૮ લાખ તે ૪ લાખ તિર્યંચ પંચેન્દ્રિય અને ૧૪ લાખ મનુષ્યની, છટ્ઠેથી ચૌદમે ગુણસ્થાને ૧૪ લાખ તે મનુષ્યની.**

૬. પહેલું, સાતમું, ચોથું ગુણસ્થાન લોકના કેટલા ભાગ સ્પર્શે?

**જ. પહેલું ગુણસ્થાન ૧૪ રાજલોક સ્પર્શે.**
**સાતમું ગુણસ્થાન લોકનો અસંખ્યાતમો ભાગ સ્પર્શે.**
**ચોથું ગુણસ્થાન અધોલોકમાંની વપ્રા, સલીલાવતી વિજયથી અનુત્તર વિમાન સુધી સ્પર્શે અથવા નીચી દિશામાં પંડગવનથી છટ્ઠી નરક સુધી સ્પર્શે.**

૭. બીજા ગુણસ્થાને અંતર અને દંડક, ૧૪ મા ગુણસ્થાને ધ્યાન અને સંઘયણ કેટલા? કયા કયા?

**જ. બીજા ગુણસ્થાને અંતર જ. અંતર્મુહૂર્ત ઉ. દેશે ઊણું અર્ધ પુદ્ગલ પરાવર્તન. દંડક – ૧૯, ૫ સ્થાવર વર્જીને.**
**ચૌદમા ગુણસ્થાને ધ્યાન – ૧ શુક્લ ધ્યાન. સંઘયણ – ૧ વજ્રઋષભનારાચ સંઘયણ.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૭)**

૧. કયા ગુણસ્થાનેથી ચડાતું નથી? કયા ગુણસ્થાનેથી નીચે પડાતું નથી?

**જ. બીજે, અગિયારમેથી ચડાતું નથી. પહેલે, બારમે, તેરમે, ચૌદમેથી પડાતું નથી.**

૨. એકાંત મિથ્યાત્વીના દંડક લાભે તેવા ગુણસ્થાન કેટલા? કયા કયા?

**જ. ૧, મિથ્યાત્વ ગુણસ્થાન.**

૩. બારમે ગુણસ્થાને કેટલા કર્મનો ઉદય? કયા કયા?

**જ. સાત કર્મનો ઉદય. મોહનીય વર્જીને.**

૪. ચૌદમા અને બારમા ગુણસ્થાનના પહેલા સમયે કેટલા જીવ હોય?

**જ. ચૌદમા ગુણસ્થાને ૧૦૮ જીવ અને બારમા ગુણસ્થાને ૧૦૮.**

૫. છટ્ઠા ગુણસ્થાનની સ્થિતિ લખો.

**જ. જ. ૧ સમય ઉ. દેશે ઊણી ક્રોડપૂર્વ.**

૬. કેટલા અને કયા કયા ચારિત્રનું સંહરણ ન થાય?

**જ. એક, પરિહાર વિશુદ્ધ.**

૭. ત્રીજા ગુણસ્થાને મોહનીય કર્મની કેટલી અને કઈ પ્રકૃતિનો ક્ષયોપશમ હોય?

**જ. પાંચ. અનંતાનુબંધી ૪ અને મિથ્યાત્વ મોહનીયની ૧.**

**(૩) નીચેનામાં કેટલા અને કયા ગુણસ્થાન હોય?** **(૩)**

૧. મોહનીયની સત્તામાં – **૧૧, ૧ થી ૧૧ ગુણસ્થાન.**

૨. અંતકૃત જીવમાં – **૮, ૧–૨–૩–૫–૬–૧૧ વર્જીને.**

૩. સમકિતી વિકલેન્દ્રિયમાં – **૧, સાસ્વાદન.**

**(આ) જીવ પરિણામ પદ – અજીવ પરિણામ પદના આધારે જવાબ લખો.** **(૧૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૧)**

૧. જીવ પરિણામના કુલ પરિણામ કેટલા? કયા કયા? (૪)

**જ. કુલ પરિણામ – ૫૦. ગતિ ૪, ઈન્દ્રિય ૬, કષાય ૫, લેશ્યા ૭, યોગ ૪, ઉપયોગ ૨, જ્ઞાન ૮, દષ્ટિ ૩, ચારિત્ર ૭, વેદ ૪.**

૨. સમાન ગુણ સ્નિગ્ધનું, સમાન ગુણ રૂક્ષનું, સ્નિગ્ધ–રૂક્ષનું બંધન ક્યારે થાય? (૨×૩)

**જ. સમાન ગુણ સ્નિગ્ધનું સ્નિગ્ધ સાથે બંધન ન થાય.**

**સમાન ગુણ રૂક્ષનું રૂક્ષ સાથે સાથે બંધન ન થાય.**

**સ્નિગ્ધ અને રૂક્ષમાં જઘન્ય ગુણ વર્જીને વિષમ ગુણ હોય કે સમ ગુણ હોય તો બંધન થાય.**

૩. ઉત્કારિકા અને હ્રસ્વ ગતિ એટલે શું?

**જ. ઉત્કારિકા – મસૂર, મગ, અડદની ફળી અને એરંડ બીજના સૂકાવાથી તેમાંથી દાણા ઉછળીને બહાર નીકળે છે તેમ.**

**હ્રસ્વ ગતિ – નાની ગતિ. જેમ કોઈ પુદ્ગલ તેની પાસેના જ પહેલા, બીજા કે ત્રીજા આકાશપ્રદેશને સ્પર્શ કરી ચાલે તો તે હ્રસ્વ ગતિ.**

૪. આઠમા દેવલોકમાં, લવણ સમુદ્રના પાણીમાં, શંખ અને મઘામાં કુલ પરિણામ કેટલા? માત્ર સંખ્યા લખો.

**જ. આઠમા દેવલોકમાં – ૨૭, લવણ સમુદ્રના પાણીમાં – ૧૭, શંખ – ૨૨, માઘવતી – ૨૨.**

૫. શબ્દ પરિણામ કેટલા છે? કયા કયા? (૧)

**જ. બે પ્રકારે છે. શુભ સ્વર, અશુભ સ્વર.**

**(૨) માગ્યા પ્રમાણે જવાબ લખો.** **(૪)**

૧. જુગલિયામાં જ્ઞાન – **૨ જ્ઞાન, ૨ અજ્ઞાન તે મતિ જ્ઞાન, શ્રુત જ્ઞાન અને મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન.**

૨. સર્વાર્થસિદ્ધમાં ચારિત્ર – **૧ તે અવિરતિ.**

૩. માખીમાં દષ્ટિ – **૨ તે સમકિત દષ્ટિ, મિથ્યાત્વ દષ્ટિ.**

૪. ધૂમપ્રભામાં લેશ્યા – **૨ તે નીલ લેશ્યા, કૃષ્ણ લેશ્યા.**

**(૧૦)**

**પ્ર.૩ સંસ્કાર વિભાગના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. આજને બગાડી ન બગાડું અનંત પહેલા ચાર મુદ્દાના માત્ર નામ લખો.

**જ. ૧) સમય ન બગાડું, જીવન ન બગાડું. ૨) શરીર ન બગાડું, મન ન બગાડું. ૩) સંતાનોને ન બગાડું, સંબંધો ન બગાડું. ૪) પૈસા ન બગાડું, પુણ્ય ન બગાડું.**

૨. પુત્રવધૂ પાસે શા માટે અપેક્ષા ન રાખવી? પૂર્વે બાંધેલા કર્મ કેવી રીતે ક્ષય થાય?

**જ. પાંચમા આરામાં મારો જન્મ થયો એનો અર્થ જ એ કે મારા એટલા સારા પુણ્ય છે જ નહિ માટે જ પુત્રવધૂ પાસે અપેક્ષા ન રાખવી. દેવ, ગુરુ, ધર્મ તથા વડીલો પ્રત્યે હું બહુમાન અને ભક્તિ વધારું તો પૂર્વે બાંધેલા કર્મ ક્ષય થાય.**

૩. ...... ધર્મરૂપી વૃક્ષનું ...... છે. વડીલોના ...... બાળીશ તો ...... મળશે.

**જ. વિનય, મૂળ, હૃદય, અશાંતિ.**

૪. કોને કીચડ માનવાના છે? જીવ તેમાં પડે તો શું થાય? અપકારી પર દ્વેષ ક્યારે ન આવે?

**જ. પ્રશંસાને કીચડ માનું. જીવ તેમાં પડે તો શરીર, આત્મા, ગુણો, ધર્મ, સાધના, મોક્ષ, આખો ભવ બગડે. જો વિચારોમાં વિશાળતા હશે તો અપકારી પર દ્વેષ ન આવે.**

૫. માલિકી ભાવ એટલે ......, ......, ...... ની વાત. માલિકીભાવને છોડવા ...... ઘટાડવી.

**જ. અધિકાર, સત્તા, મોટાઈ, આવશ્યકતા.**

(૧૦)

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. રેવતીએ મહાશતકને ઉન્માદજનક શબ્દોમાં શું કહ્યું?

**જ. ધર્મ, પુણ્ય, સ્વર્ગ તથા મોક્ષની કામના, ઈચ્છા અને ઉત્કંઠા રાખનારા શ્રમણોપાસક મહાશતક ! તમે મારી સાથે મનુષ્ય જીવનના વિપુલ વિષયસુખ કેમ ભોગવતા નથી? હે દેવાનુપ્રિય ! તમે ધર્મ, પુણ્ય, સ્વર્ગ તથા મોક્ષથી શું પ્રાપ્ત કરશો? તમને વ્રતપાલનના ફળરૂપે વિલાસથી અધિક શું મળશે?**

૨. રેવતીએ શા માટે પોતાની શોક્યને મારી નાંખી?

**જ. રેવતી કામાંધ બની ગઈ હતી. તેની બાર શોક્યની સંપત્તિ પર પોતાનો સહજ અધિકાર થઈ જાય તે માટે અને મહાશતકની સાથે તે એકલી જ મનુષ્ય જીવનના વિપુલ સુખો ભોગવી શકે.**

૩. રત્ના દેવીના વચનો સાંભળી કોણ ચલિત થયું? તેની શું દશા થઈ?

**જ. જિનરક્ષિત. જ્યારે શૈલકે જિનરક્ષિતને પોતાની પીઠ પરથી નીચે ફેંકી દીધો ત્યારે રત્ના દેવીએ તેને પોતાની તલવારની ધાર પર પકડ્યો અને તેના ટૂકડે ટૂકડા કરી નાંખ્યા અને તેના અંગોપાંગને ચારે દિશામાં કાગડા વગેરેને બલિ રૂપે ફેંકી દીધા.**

૪. જિનપાલે કોની પાસે દીક્ષા લીધી? દીક્ષા લઈને શું કર્યું? તેઓ ક્યાં ઉત્પન્ન થયા? તેમનું ભવિષ્ય શું?

**જ. ભગવાન મહાવીર સ્વામી પાસે. દીક્ષા લઈને અગિયાર અંગોનો અભ્યાસ કર્યો. એક માસનો સંથારો કરીને સુધર્મ કલ્પમાં બે સાગરની સ્થિતિવાળા દેવ રૂપે ઉત્પન્ન થયા. ત્યાંથી તે ભવિષ્યમાં ચ્યવીને મહાવિદેહમાં જન્મ લઈ સિદ્ધ થશે.**

૫. કોણ બોલે છે અને કોને કહે છે? ૧) મારી પરવા કર્યા વિના ચાલ્યો જઈશ?

**રત્ના દેવી જિનરક્ષિતને કહે છે.**

૨) આહાર – પાણીનો તેમણે ત્યાગ કર્યો છે.

**ભગવાન મહાવીર સ્વામી ગૌતમ સ્વામીને કહે છે.**

(૧૦)

**પ્ર.૫ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

| | જવાબ |
|---|---|
| ૧. કરું પાપનો ........ વીરની વાણી. | **પાના નં. ૧૮૦ કડી ૮/૯** |
| ૨. પરમેશ્વરનો ......... રડવાનો. | **પાના નં. ૧૮૨ કડી ૧** |
| ૩. અનુભવ ........ આગમને અનુસરવા. | **પાના નં. ૧૮૧ કડી ૧/૨** |
| ૪. પાપ કરે તે ક્યાં જાય તે લખી તે જે કડીમાં આવતું હોય તે કડી લખો. | **નરકમાં પાના નં. ૧૮૧ કડી ૪** |

**જય – જિનેન્દ્ર**